**નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત**

**ગુજરાત સરકાર,**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ- SJED/EOD/e-file/17/2023/0542/A Section,**
**સચિવાલય, ગાંધીનગર.**

**વંચાણે લીધાઃ-**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૮/૦૧/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ
૨. નિયામકશ્રી, વિ.જા.ક.ના તા.૩૧/૦૧/૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ DDCW/0069/01/2023

**પ્રસ્તાવના:**

વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ વિભાગના વિભાગના તા.૨૮/૦૧/૨૦૨૨ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કુલ-૯૮૬ જગ્યાઓ (૩૫૭ ભરાયેલ + ૬૨૯ ખાલી)ની મુદત તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. આંકડા મદદનીશની ૦૨ જગ્યા એક વર્ષથી વધુ પરંતુ ત્રણ વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી હોઈ, આ બે જગ્યાઓને એબેયન્સમાં મૂકવાની શરતે તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ તા.૩૧/૦૧/૨૦૨૩ના પત્રથી નિયામાકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ કુલ-૯૯૦ જગ્યાઓની મુદત તા.૨૯/૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

વિચારણાના અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની કુલ હંગામી જગ્યાઓ પૈકીની ૩૨૫ ભરાયેલ જગ્યાને ભરાયેલ જગ્યા તરીકે અને ૬૬૫ જગ્યાઓ એક વર્ષથી ઓછાં સમયથી ખાલી હોય તેમજ આ જગ્યાઓ ભરતી કેલેન્ડરમાં સામેલ છે તે શરતે કુલ-૯૯૦(૩૨૫+૬૬૫) જગ્યાઓને તા:૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. તેમજ રસોયા, વર્ગ-૪ની ૦૧ જગ્યા ૧ વર્ષથી વધુ સમયથી ખાલી હોય, આ જગ્યાને એબેયન્સમાં મુકવાની શરતે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. આ મંજૂરી નીચેની શરતોની આધિન આપવામાં આવે છે.

**શરતો:**

(૧) ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યા એબેયન્સમાં મુકવાની રહેશે.

(૨) એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓ પર નિમણૂક આપતાં પહેલા નાણા વિભાગ (કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી આ જગ્યાઓને એબેયન્સમાંથી મુક્ત કરાવી લેવાની રહેશે.

(૩) ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યા રદ કરવાની રહેશે.

(૪) રદ થયેલ જગાઓ પર નિમણૂક આપી શકાશે નહિ, આ જગાઓ માટે નવેસરથી નવી બાબતની મંજૂરી લેવાની રહેશે.

(૫) દસ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ હોય તેવી જ જગાઓ માટે ઉપરની ૪ (ચાર) શરતો લાગુ પડશે નહી.

(૬) ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ નથી, તેવી પત્રક-બ ની જગ્યાઓ પૈકીની ડ્રાઈવર તથા રસોયા વર્ગ-૪, પટાવાળા વર્ગ-૪, ચોકીદાર વર્ગ-૪ તથા વર્ગ.૪ ની જુદા જુદા સંવર્ગની ખાલી જગ્યાઓ પર હાલમાં ફરજ બજાવતા નિયમિત કર્મચારીઓ જેમ જેમ નિવૃત્ત થતા જાય તેમ તેમ ખાલી પડતી જગ્યાઓ રદ કરવાની રહેશે. આ જગ્યાઓની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવાની રહેશે.

(૭) આ જગાઓના પગાર ભથ્થાનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની વડી કચેરી, જિલ્લા કચેરીઓ, આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય તથા ખાતા સંલગ્ન નિગમો ખાતેની દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ પત્રક-અ મુજબની જગ્યાઓ તથા ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ નથી

તેવી પત્રક-બ મુજબની જગ્યાઓનું પત્રક સામેલ રાખેલ છે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રી(સા.ન્યા)ની તા.૨૩/૦૨/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**બિડાણ:- પત્રક-અ અને પત્રક-બ**

eSign
Signed by: Chiragkumar Rasikbhai Patel
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Mar-2023 (11:44 AM)

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

૧. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર. (નિયામકશ્રી, વિ.જા.ક. મારફતે)

૩. સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફતે)

૪. નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.

૫. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક.,ગાંધીનગર મારફતે).

૬. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર – વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

૭. શાખા સિલેકટ ફાઈલ

**પત્રક-અ**

(ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/0542/A Sectionનું બિડાણ)

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ હોય તેવી જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | ક્રમ | જગ્યાનું નામ | જગ્યા |
|---|---|---|---|---|---|
| (અ) નિયામકશ્રી, વિ.જા.ક.ની વડી કચેરી | | | (બ) જિલ્લા કચેરીઓમા | | |
| ૧ | નાયબ નિયામક | ૪ | ૧ | નાયબ નિયામક | ૧૨ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૫ | ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૬ | ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૩૪ |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૮ | ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક(કચેરી) | ૭ |
| ૬ | સીનીયર કલાર્ક | ૮ | ૫ | સીનીયર કલાર્ક | ૨૦ |
| ૭ | જુનીયર કલાર્ક | ૯ | ૬ | જુનીયર કલાર્ક | ૩૮ |
| | કુલ | ૪૦ | ૭ | સમાજ કલ્યાણ નિરીક્ષક(તાલુકા કક્ષા) | ૧૪૧ |
| | | | ૮ | શીવણ સંચાલિકા | ૨૦ |
| | (ક)આદર્શ નિવાસી શાળાઓમાં | | | કુલ | ૨૯૩ |
| ૧ | આચાર્ય | ૨૮ | | | |
| ૨ | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૨૨૦ | | (ડ)સરકારી છાત્રાલયોમાં | |
| ૩ | મદદનીશ શિક્ષક (ઉ.મા.) | ૨૩૧ | | | |
| ૪ | મદદનીશ સ.ક.અધિકારી | ૩૩ | ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૬૬ |
| ૫ | જુનીયર કલાર્ક | ૨ | | કુલ | ૬૬ |
| | કુલ | ૫૧૪ | | | |
| | | | | (ઇ) સમરસ છાત્રાલય | |
| | (ફ) વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન નિગમોની કચેરી | | ૧ | સમાજ કલ્યાણ અધિકારી | ૪ |
| ૧ | મદદનીશ જિલ્લા મેનેજર | ૧૫ | ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ |
| ૨ | જુનીયર કલાર્ક | ૧૫ | ૩ | જુનીયર કલાર્ક | ૬ |
| | કુલ | ૩૦ | | કુલ | ૧૫ |


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**પત્રક-બ**

(ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/0542/A Sectionનું બિડાણ)

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ ન હોય તેવી જગ્યાઓની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | એક વર્ષ સુધીની | એક વર્ષથી ત્રણ વર્ષ | ત્રણ વર્ષથી વધુ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| (અ) નિયામકશ્રીની વડી કચેરી | | | | | | | | |
| ૧ | નિયામક | વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૨ | સંયુક્ત નિયામક | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | હિસાબી અધિકારી | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | કાયદા અધિકારી | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સ્ટેનો ગ્રેડ-૧ | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સ્ટેનો ગ્રેડ-૨ | વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૭ | સીનીયર ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ડેપ્યુટી ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૯ | સબ ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | સંશોધન મદદનીશ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | આંકડા મદદનીશ* | વર્ગ-૩ | ૩ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ |
| ૧૨ | પટાવાળા | વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ (અ) | | ૧૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૧ |
| (બ) જિલ્લા તથા તે હેઠળની કચેરીઓ | | | | | | | | |
| ૧ | ડ્રાઈવર | વર્ગ-૩ | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | પટાવાળા | વર્ગ-૪ | ૩ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૩ | રસોયા | વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | રસોડા કામદાર | વર્ગ-૪ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | હમાલ | વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સફાઈ કામદાર | વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ચોકીદાર | વર્ગ-૪ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ (બ) | | ૨૨ | ૧૯ | ૩ | ૨ | ૧ | ૦ |
| | કુલ (અ) + (બ) | | ૩૬ | ૨૮ | ૮ | ૫ | ૨ | ૧ |

*આંકડા મદદનીશની જગ્યા નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ જગ્યા છે.